ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૧.૬ ડીગ્રી
લઘુતમ : ૧૨.૩ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૩૪ ટકા

વેલેન્ટાઈન ડે નિમિત્તે શહેરમાં ૩૦,૦૦૦ ગુલાબ વેચાયા

ગાંધીનગર, તા.૧૪

શહેરમાં વેલેન્ટાઈન ડેની ઉજવણી યુવા વર્ગ દ્વારા ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી. જેમાં પ્રેમનું પ્રતિક ગણાતું લાલ ગુલાબની માર્કેટમાં ડિમાન્ડ વધી ગઈ હતી. શહેરના માર્ગો પર અઢળક ગુલાબોનું વેચાણ જોવા મળ્યું હતું. ઈંગ્લિશ ગુલાબ જે દેખાવમાં ખૂબ આકર્ષક હોય છે તેનું વેચાણ વધારે થયું હતું. શહેરની ફૂલોની શોપમાંથી આશરે ૩૦,૦૦૦ ગુલાબોનું વેચાણ થયું હતું. જેમાં ગુલાબ, ઓર્કિડ, રંગબેરંગી, ફલાવરના બુકેની ખરીદી કરવામાં આવી હતી. પોતાના પ્રિય પાત્ર માટે સુંદર મજાની ગિફ્ટની પણ ખરીદી કરી હતી. જેમાં ચોકલેટ બોકસ, હાર્ટવાળી ગીફ્ટ, કાર્ડઝ, ગુલાબના બુકે, કપલવોચ, ગોલ્ડન રોઝ વિગેરે ભેટ સોગાદો ખરીદીને આપવામાં આવી હતી. વેલેન્ટાઈન ડે નિમિત્તે હોટલ, રેસ્ટોરન્ટસ, થિયેટર, ખાણી પીણી બજારોમાં ભીડ જોવા મળી હતી. નિયમિત કરતાં બજારોમાં મોટા પ્રમાણમાં ચહલપહલ જોવા મળી રહી હતી. ફૂટપાથ પર ટેડીબિયરનું વેચાણ કરતા ફેરીયાઓને પણ વેલેન્ટાઈન ડે પર ધૂમ વેચાણ થયું હતું. આમ યુવા વર્ગ દ્વારા વેલેન્ટાઈન ડેની ઉજવણી ઉત્સાહપૂર્વક થઈ હતી.

શહેરમાં ફૂલોની દુકાનોમાં ૫૦ રૂ.માં મળતા ગુલાબ ૧૦૦ રૂ.માં મળતા હતા. વેલેન્ટાઈન ડે નિમિત્તે ગુલાબના ફૂલોની ડિમાન્ડ વધતા વેપારીઓએ ભાવમાં વધારો કરી દીધો હતો. ઓર્કિડનો ભાવ ૧૨૦રૂ., ગુલાબના બુકેનો ભાવ ૨૦૦ રૂ.થી ૫૦૦ રૂ. તથા ચોકલેટમાં ૪૦ રૂ.થી લઈ ૧૮૦ રૂ.ની ચોકલેટો અને ૩૦૦થી ૫૦૦રૂ.ના મોટા ચોકલેટ બોકસનું વેચાણ થયું હતું. વેલેન્ટાઈન ડે નિમિત્તે હાર્ટવાળી ચોકેલટની ડિમાન્ડ વધુ રહી હતી.

જન્મદિને વધામણી

જય તેજસભાઈ લવિંગીયા
મો. ૯૮૯૮૦ ૪૬૨૧૬

બ્રિન્દા ભાવિનભાઈ લવિંગીયા
મો. ૯૪૨૬૪ ૧૭૮૪૮

નંદા એ. આહીર
મો. ૯૭૨૩૬ ૧૭૭૪૭

અશ્વિનભાઈ એ. પટેલ કોલેજમાં ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ યોજાયો

ગાંધીનગર, તા.૧૪

અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ દ્વારા કોલેજના અધ્યાપકો માટે ફેકલ્ટી ડેવલોપમેન્ટ લેકચર સિરીઝનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બીજા ફેઈઝમાં પાવર ઓફ પોઝીટીવ પ્રસ્પેકિટવ્સ વિષય ઉપર ચર્ચા કરવામાં આવી હતી. જેમાં નિષ્ણાંત વકતા અને ટ્રેનર તરીકે અંકિત જોષીપુરા હાજર રહ્યા હતા. આ કાર્યક્રમની શરૂઆતમાં સી.એ. રુચિ યાજ્ઞિકે સ્વાગત ઉદબોધન અને વકતા પરિચય આપ્યો હતો. અંકિત જોષીપુરાએ વિષય અંગે ચર્ચા કરતા જણાવ્યું હતું કે માણસ હંમેશા ચાર પ્રકારના માઈન્ડ સેટથી કામ કરે છે હું જાણું છું કે હું જાણતો નથી. આ ઉપરાંત દરરોજ ડાયરીમાં નોંધો કે આ ચાર માઈન્ડ સેટમાંથી કયા માઈન્ડ સેટમાં આખા દિવસ દરમિયાન તમે રહ્યા? આ કાર્યક્રમમાં આભારવિધી દિવ્યા રાવલ દ્વારા કરાઈ હતી. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. કૃપા ભટ્ટ, ડૉ.નીના ગણેશને કર્યું હતું.

ધી યોગા ડીવોટી દ્વારા નિઃશુલ્ક પાર્ટનર યોગ વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૧૪

ધી યોગા ડીવોટી દ્વારા નિઃશુલ્ક પાર્ટનર યોગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જે સમર્પણ સ્પોર્ટસ એકેડેમી ખાતે યોજાયું હતું. આ વર્કશોપમાં બાળકો તેમજ યુવાઓએ ભાગ લીધો હતો. જોડીદાર સાથે સૂર્ય નમસ્કાર વિવિધ આસનો તેમજ પ્રાણાયામનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. જેમાં તિબેટીયન સિંગિંગ બાઉલ દ્વારા સાઉન્ડ મેડિટેશનનો અનુભવ કરાવવામાં આવ્યો હતો.

એસ.એસ.વી. શાળામાં વિશ્વ રેડિયો દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૧૪

એસ.એસ.વી. શાળાના પ્રાયમરી વિભાગના વિદ્યાર્થીઓ માટે વિશ્વ રેડિયો દિવસની ઉજવણી અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આ દિવસની ઉજવણી કરવા માટે શાળાના પ્રાયમરી વિભાગના વિદ્યાર્થીઓએ રેડિઓના અલગ અલગ ચાર્ટ અને મોડલ બનાવ્યા હતા. વિકસતી ટેકનોલોજી સાથે આ અતિ મહત્વનું મનોરંજનનું સાધન રેડિઆનું મહત્વ ભુલાઈ રહ્યું છે. પરતું તેનું મહત્વ દુનિયાને યાદ રહે તે માટે દર વર્ષની ૧૩ ફેબ્રુઆરીના દિવસને 'વિશ્વ રેડિઓ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

નહેરુ યુવા કેન્દ્ર-ગાંધીનગર દ્વારા વ્યક્તિગત સંપર્ક અને ફેસિલેશન કેમ્પેનિંગ તેમજ ડિઝીટલ ફેસિલેશન કેમ્પેનીંગનું આયોજન દહેગામ તાલુકા માં કરવામાં આવ્યું , જેમાં દહેગામના રાષ્ટ્રીય યુવા સ્વયંસેવક મંથન શાહ તેમજ યુવક મંડળના યુવાનો તરીકે હર્ષદ ઠાકોર, હાર્નિશ ઠાકોર, ઉર્વિશ દેસાઈ તેમજ અન્ય યુવકો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન શાળાઓ, કોલેજ, વૃદ્ધાશ્રમ જેવી જગ્યાઓને આવરી લેવામાં આવી હતી.

સિધ્ધેશ્વરી પ્રિસ્કૂલ રૂપાલમાં પુલવામામાં શહીદ થયેલા શહીદોને શ્રધ્ધાંજલિ આપવા માટે કાળા વસ્ત્રો પહેરીને બ્લેક ડે ઉજવવામાં આવ્યો હતો. દરેક બાળકોએ કાળા વસ્ત્રો પહેરીને શહીદોને સલામી આપી હતી. શાળાના શિક્ષકો અને આચાર્ય દ્વારા શહીદોને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. ઠાકોર સુરજબેન ગાંડાજી, ઉ.વ. ૭૦, ઈન્દ્રોડા
- સ્વ. વણઝારા જવાનજી નાનજી, ઉ.વ. ૫૭, ચરેડી છાપરાં
- સ્વ. પ્રજાપતિ ગોવિંદભાઈ વિસાભાઈ, ઉ.વ. ૬૨, ધમાસણા, કલોલ
- સ્વ. પારેખ જયોત્સનાબેન રામચંદ્રભાઈ, ઉ.વ. ૬૧, સે-૨૩

● રૂદ્રભૂમિ ●

- સ્વ. જાદવ હર્ષવર્ધન પુરુષોત્તમભાઈ, ઉ.વ. ૩૨, સેકટર-૪
- સ્વ. ઠાકોર પરબતજી રામાજી, ઉ.વ. ૩૫, તારાપુર
- સ્વ. રાવલ પ્રદિપકુમાર નારણભાઈ, ઉ.વ. ૬૬, સરગાસણ

વિદ્યા સહાયકની ભરતીના ફોર્મ ભરવાની મુદત વધારો : આપ

સર્વર ડાઉનની સમસ્યાને કારણે ઉમેદવારો પરેશાનીનો ભોગ બન્યાં

ગાંધીનગર, તા.૧૪

વિદ્યા સહાયકની ભરતી ફોર્મના ડોક્યુમેન્ટ વેરિફિકેશન માટે ગાંધીનગર ખાતે જિલ્લાના દરેક ઉમેદવારોને સેક્ટર-૧૨માં બીઆરસી ભવન ખાતે બોલાવવામાં તો આવ્યાં હતા પરંતુ સર્વર ડાઉન હોવાની સમસ્યાને કારણે ઘણા ઉમેદવારોને પરેશાનીનો ભોગ બનવું પડ્યું હતું. આ સમયે આમ આદમી પાર્ટીના શહેર પ્રમુખ તુષાર પરીખ સહિત કાર્યકરોએ વિદ્યાર્થીઓની મદદ કરી હતી અને તે સાથે તેમના ઉમેદવારોને પડી રહેલી હાલાકીને અનુલક્ષીને ફોર્મ ભરવાની અને જમા કરાવવાની તારીખ ૧૯મી ફેબ્રુઆરી સુધી લંબાવવા જિલ્લા કલેક્ટર કચેરીએ આવેદનપત્ર આપ્યું હતું.

બીઆરસી ભવન ખાતે વિદ્યા સહાયકની ભરતીમાં જે ઉમેદવારો ફોર્મ ઓનલાઈન ભરી ચૂક્યા છે તેમના ફોર્મનું ડોક્યુમેન્ટ વેરિફિકેશન ચાલી રહ્યું છે જે માટે ધસારો વધુ હોવાથી ઉમેદવારોને ટોકન આપવામાં આવે છે પણ ટોકન પણ ઉમેદવારો જાતે લખીને આપે તે રીતે બનાવવામાં આવે છે. વળી, તેમાં પણ ઘટની જગ્યા અને સામાન્યની જગ્યાના એમ ફોર્મ બંને અલગ અલગ કરીને ભરવામાં આવે છે જે સાથે ફોર્મ ભરતી વખતે ઉમેદવારોએ ઓનલાઈન ઓરીજનલ ડોક્યુમેન્ટ સ્કેન કરીને જે તે વખતે અપલોડ કર્યા હતા તો પણ ફરીથી ઉમેદવારોને હેરાન કરીને અહીં ચેકિંગ કરવા માટે વિવિધ પ્રકારની ડોક્યુમેન્ટમાં ક્વેરી

કાઢીને બોલાવવામાં આવી રહ્યાં હોવાનો આક્ષેપ આપ પાર્ટીના જય વાઘેલા દ્વારા કરવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે 'ઉમેદવારોનું કહેવું છે કે તેનું મેરીટ બને તેના બાદ જ ડોક્યુમેન્ટ ચકાસણી કરવામાં આવે પણ અહીં તો દરેક ઉમેદવારોને છેવાડાના ગામડામાંથી પણ બોલાવવામાં આવે છે અને ઉમેદવારોના ડોક્યુમેન્ટ લેવામાં આવે છે. જેથી ઉમેદવારોને હેરાનગતિ થઈ રહી છે. હજુ પણ આ વિદ્યાર્થીઓના માથે લટકતી તલવાર જ છે કે તે પોતે મેરીટમાં આવશે કે નહીં. વિદ્યા સહાયકની ભરતીમાં ઘણા વિદ્યાર્થીઓને ઓનલાઈન ફોર્મ ભરવાના રહી ગયાં છે, સાથે અત્યારે ફોર્મ સ્વીકારવામાં આવે છે તેમાં પણ મેનેજમેન્ટના સર્વર ડાઉન હોવાથી પણ ઘણા વિદ્યાર્થીઓને હાલાકી પહોંચી રહી છે તેને ધ્યાનમાં લઈને ફોર્મ ભરવાની અને જમા કરાવવાની તારીખ ૧૯મી ફેબ્રુઆરી સુધી લંબાવવામાં આવે.' આ પ્રસંગે આમ આદમી પાર્ટીના શહેર પ્રમુખ તુષાર પરીખ, મહામંત્રી દીપક પટેલ સાથે જય વાઘેલા હાજર રહ્યાં હતાં.

રેડક્રોસની કલોલ શાખાના ચેરમેન તરીકે દિલીપ દવેની વરણી



ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી તાજેતરમાં એક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી કલોલ શાખાના ચેરમેન તરીકે દિલીપ દવેની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ પ્રસંગે રેડક્રોસ સોસાયટી કલોલના સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં અને દિલીપ દવેને અભિનંદન પાઠવ્યાં હતા.

એસ.વી. સ્કૂલમાં ઓનલાઈન ટેલેન્ટ હંટ પ્રવૃત્તિ યોજાઈ

ગાંધીનગર, તા.૧૪

શહેરની પ્રતિષ્ઠિત સંસ્થા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત એસ.વી. ઈંગ્લિશ મીડિયમ પ્રિ-સ્કૂલમાં ઓનલાઈન ટેલેન્ટ હંટ પ્રવૃત્તિ યોજાઈ હતી. જેમાં નર્સરી, જુનિયર કે.જી. તથા સિનિયર કે.જી. ના બાળકોએ પોતાની અવનવી ટેલેન્ટ જેવીકે સિંગિંગ , ડાન્સિંગ, સ્કેટિંગ, યોગા, મંત્રોચ્ચાર, ઢોલકવાદન, કેટવોક, અભિનય, મિમિક્રી, ગનશૂટિંગ વગેરેનું પ્રદર્શન કર્યું હતું. બાળકોમાં રહેલી આંતરિક શક્તિઓ જાગૃત થાય, તેમનામાં છૂપાયેલી ટેલેન્ટને બહાર આવવાનો મોકો મળે અને તેમનો આત્મવિશ્વાસ વધે તે હેતુથી આ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિમાં ભાગ લેવા બદલ પ્રિન્સિપાલ અને શિક્ષિકાઓએ બાળકોની સરાહના કરી હતી.

આરાધના વિદ્યાવિહાર ખાતે રસીકરણના બીજા ડોઝનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ધોરણ-૯ થી૧૨ના ૧૫ થી ૧૮ વર્ષની ઉંમરના વિદ્યાર્થીઓને અર્બન હેલ્થ સેન્ટર સેકટર-૨૯ની આરોગ્ય ટીમ દ્વારા શાળામાં રસી આપવામાં આવી હતી. જેમાં સંસ્થાના ચેરમેન આર.એ. પટેલ તથા સમગ્ર શૈક્ષણિક વહીવટી સ્ટાફના કર્મચારીઓ હાજર રહ્યા હતા.

વિશ્વકર્મા યુવક મંડળ દ્વારા ૧૦૦૦ ચકલીઘર બનાવવાનો સંકલ્પ

ગાંધીનગર, તા.૧૪

વિશ્વકર્મા જન્મજયંતિ વિશ્વકર્મા યુવક મંડળ દ્વારા ૧૦૦૦ ચકલી ઘર બનાવવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો. રજનીશભાઈ પટેલ દ્વારા આપણે આપણા કાર્યની સાથે સાથે અબોલ જીવો માટે કઈ રીતે કલ્યાણકારી કાર્યમાં સહભાગી થઈ શકાય તે માટેની સંવાદ બેઠક યોજી હતી. જેમાં પ્રદૂષણથી બચવાના ઉપાયો તથા વૃક્ષારોપણ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

બીબીએ કોલેજના NSS યુનીટ ના વિદ્યાર્થીઓ દ્વારા પુલવામાંમાં શહીદ થયેલા જવાનો માટે શ્રધાંજલિ સભા

ગાંધીનગર, તા.૧૪

બી.પી.કોલેજ ઓફ બિજનેસ એડમીનીસ્ટ્રેશન (બી.બી.એ.) કોલેજ ના વિદ્યાર્થીઓ શ્રદ્ધાંજલિ કાર્યક્રમ માટે એકત્રિત થયા હતા. અત્રે શહીદો ના વિવિધ પ્રસંગો યાદ કરી શહીદોને વિનમ્ર શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન બીબીએ કોલેજના NSS યુનીટ ના ઉત્સાહી વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

કોલેજના ઉપાચાર્ય ડો. જયેશ તન્ના દ્વારા વિદ્યાર્થીઓને એક સૈનિક ના જીવન માંથી પ્રેરણા લઈ શિસ્ત અને ધ્યેય માટેની કર્તવ્ય પરાયણતા શીખવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં વિદ્યાર્થીઓની રાષ્ટ્ર પ્રત્યે ની ઊંડી લાગણી સ્પષ્ટ રૂપે જોવા મળતી હતી. અને દેશ માટે કંઈક કરી છુટવા ની તત્પરતા બળવત્તર જોવા મળતી હતી. સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા માટે સંસ્થાનાં આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ ઉપાચાર્ય પ્લેસમેંટ અને ટ્રેનિંગ સમિતિના ઈંચાર્જ ડૉ.જયેશ તન્ના તેમજ ધર્મેન્દ્ર રાઠોડ તેમજ કોલેજ પરિવાર દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

સેકટર-૨ની સરકારી શાળાના બાળકોને બિસ્કીટ અને ચોકલેટનું વિતરણ

ગાંધીનગર, તા.૧૪

સરકારી પ્રાથમિક શાળાના બાળકોને પ્રોત્સાહન મળે તે હેતુથી મહેશભાઈ શાહ નિવૃત્ત નાયબ સચિવ દ્વારા સેકટર-૨ના સરકારી શાળાના તમામ બાળકોને બિસ્કીટ અને ચોકલેટનું વિતરણ કર્યું હતું. જેમાં સહભાગી તરીકે અને કાર્યકર તરીકે સેકટર-૨ના પ્રમોદભાઈ દવેએ સમગ્ર આયોજન અને સંચાલન કરી બાળકોને ઉત્સાહપ્રેરક પ્રવચન આપી કોરોનાથી બચવા માટેના ઉપાયો અંગે માહિતી આપી હતી. શાળાના પ્રિન્સિપાલ તેમજ વર્ગ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. બાળકોમાં ખૂબ આનંદ અને અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.